ગાંધીનગર સમાચાર


## જન્મદિને વધામણી




સૂર્યસિંહ ડાભી
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૬



મેહુલભાઈ દોશી
પ્રમુખ, જૈન સોશિયલ ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૭૩૮૨



વિનોદચંદ્ર મણિલાલ પટેલ
ફોન : ૨૩૨૨૫૦૧૦
મો. ૯૩૭૬૮ ૧૦૪૯૮



મહેશસિંહ રાઓલ
ઉપપ્રમુખ, શ્રી રાજપૂત સમાજ ભવન, ગાંધીનગર
મો. ૯૮૨૪૧ ૬૧૨૧૫



અનિલ લક્ષ્મીચંદ બોરા



રૂદ્ર ગૌરવ રાઠોડ
મો. ૯૪૦૯૫ ૧૪૫૭૦

# આરજી-એસબી પટેલ શાળામાં યુવા મહોત્સવ અને રમતોત્સવ

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે દર વર્ષે કેળવણી મંડળના આદ્યસ્થાપક પૂ. છગનભા અને પૂ. દાસકાકાની પાવન સ્મૃતિમાં યુવક મહોત્સવ અને રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમ આ વર્ષે પણ અનુસરવામાં આવ્યો હતો.

યુવક મહોત્સવ અને રમતોત્સવના ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ગ્રામભારતી, અમરાપુરના પૂર્વ પ્રિન્સિપાલ રમણભાઈ ચૌધરી, ઉદ્‌ઘાટક તરીકે કેમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ સી પટેલ, શેઠ સી એમ હાઈસ્કૂલનાં પ્રિન્સિપાલ ડૉ. ચેતના બુચ, એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન, એસ જી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં પ્રિન્સિપાલ મિલી સિંઘ અને એસ કે પટેલ બાલમંદિરનાં પ્રિન્સિપાલ દિપાલીબેન જોષી ઉપસ્થિત રહ્યાં હતાં. પૂ. દાસકાકા યુવક મહોત્સવનું સંચાલન ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક જશુભાઈ એચ સુતરિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

પૂ. છગનભા રમતોત્સવ અંતર્ગત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ બે વિભાગમાં ગોળાફેંક, ૧૦૦ મીટર દોડ, મટકા દોડ, લીંબુચમચી અને સ્લો સાઈકલિંગ જેવી રમતો આયોજિત કરવામાં આવી હતી. શાળાની ૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રમતોત્સવને યાદગાર બનાવ્યો હતો. રમતોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ત્રણ વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્રો આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. સાથે સાથે ભાગ લેનારી તમામ વિદ્યાર્થિનીઓને પણ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. પૂ. છગનભા રમતોત્સવનું સંચાલન શાળાનાં પીટી ટીચર ઉર્વશીબેન જોષી અને હાર્દિકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

યુવક મહોત્સવ અને રમતોત્સવની સફળતા બદલ આચાર્ય ગીતેષભાઈ એ પટેલે સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

## સી એન આર્ટ્સ એન્ડ બી ડી કોમર્સ કોલેજમાં 'ક્રિસમસ કાર્નિવલ'ની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૩

શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ, કડીમાં તા. ૨૬-૧૨-૨૦૧૮ થી ૩૧-૧૨-૨૦૧૮ દરમ્યાન 'ક્રિસમસ કાર્નિવલઃ ૨૦૧૮' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા.૨૬-૧૨-૨૦૧૮ થી તા. ૨૮-૧૨-૨૦૧૮ દરમ્યાન ફાઈન આર્ટ્સ, લિટરરી ડે, ચોકલેટ ડે, વાનગી હરીફાઈ, ફોટોગ્રાફી, મ્યુઝીક, ડાન્સ, ગીત, યોગ સ્પર્ધા, સંગીતખુરશી, ક્રિકેટ, રંગોલી, મહેંદી હરીફાઈ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૩૧-૧૨-૨૦૧૮ ના સોમવારના રોજ કોલેજમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બધી ઈવેન્ટમાં થઈને ૨૫૦ ઉપરાંત વિદ્યાર્થી-ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. અગાઉ યોજાયેલ દરેક સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબરે આવેલ વિજેતાઓને સાંસ્કૃતિક કાર્યક્રમની શરુઆતમાં પ્રમાણપત્ર આપી સન્માનમાં આવ્યા હતા. સમગ્ર ક્રિસમસ કાર્નિવલનું આયોજન પ્રિ ડૉ. જી. ડી. ત્રિપાઠીના સીધા માગદર્શન હેઠળ પ્રૉ. ડૉ. ચિરાગ ધંધુકિયા, પ્રૉ. રમેશભાઈ પ્રજાપતિ, પ્રૉ. રવિ રંગવાણી, પ્રૉ. જીગ્નેશ પટેલ, પ્રૉ. મિલન કડીકર, પ્રૉ. રોનક પરમાર, પ્રૉ. પુનમબેન રાવલ, પ્રૉ. સનોબર શેખ, પ્રૉ. જીજ્ઞાબેન પટેલ, પ્રૉ. કોમલ ચાંડક, પ્રૉ. પારસબેન ચૌધરીએ કર્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં કાવ્યપઠન, માઈમ, રાસ, ગરબા વગેરે વિવિધ ઈવેન્ટો દ્વારા વિધાર્થીઓએ ઉપસ્થિત દર્શકોને રસતરબોળ કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.ચિરાગ ધંધુકિયા, પ્રૉ. રવિ રંગવાણી અને પ્રૉ. જીગ્નેશ પટેલે કર્યું હતું.

## એસ વી ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'ચોકલેટ ડે' અને 'કેપ ડે'ની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'ચોકલેટ ડે' અને 'કેપ ડે'ની ઉજવણી દ્વારા નવા વર્ષનું ધમાકેદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. બાળકો તથા શિક્ષિકાઓ અલગ અલગ પ્રકારની કલરફુલ કેપ પરિધાન કરી,વિવિધ પ્રકારની ચોક્લેટ્સ લઈને ઉત્સાહભેર શાળામાં આવ્યા હતા.મોટા ભાગના વાલીઓએ પોતેજ અવનવી કેપ જાતેજ બનાવીને પોતાની ઉત્કૃષ્ટ કલાનું પ્રદર્શન કર્યું હતું. બાળકોએ ફૂલગુલાબી ઠંડીની મોસમમાં ઝૂમ્બા ડાન્સ કરી, happy new year ની ચિચિયારીઓથી શાળાના પ્રાંગણને ગજવી દીધું હતું. આમ, સૌએ ૨૦૧૯ના વર્ષને હર્ષોલ્લાસથી આવકારી, અદભૂત માહોલનું સર્જન કર્યું હતું. આ સાથે, પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે શાળા પરિવાર વતી સર્વે વિધ્યાર્થીઓ તથા વાલીમિત્રોને નવા વર્ષની શુભેચ્છા આપી હતી.

## એસ. કે. પટેલ સ્કૂલમાં ડ્રોઈંગ કોમ્પિટિશન યોજાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલમાં ડ્રોઈંગ કોમ્પિટીશન યોજાઈ. તેમાં શિક્ષિકાઓએ આપેલ ચિત્રમાં બાળકોએ ખૂબ જ સરસ રીતે રંગ પૂર્યા હતા.

## 'મેથ્સ મંત્રા' ક્વિઝ કોમ્પિટીશનમાં એસ જી સ્કૂલના વિદ્યાર્થી ઝળક્યા

ગાંધીનગર, તા. ૩

એસ.વી. કે. એમ . કડી કેમ્પસ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં મેથ્સ મંત્રા ક્વિઝ કોમ્પિટિશન યોજવામાં આવી હતી. આ કોમ્પિટીશનમાં એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ -૬,૭ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં મુખ્ય મહેમાન તરીકે વિઠ્ઠલભાઈ અને લતિકા બહેને હાજરી આપી હતી. ધોરણ-૮ વિદ્યાર્થીઓ સમર્થ, વિષ્ણુ અને ધ્વનિત પ્રથમ ક્રમાંકે આવ્યા હતા.

# જેએમપી ગોપાલક વિદ્યાસંકુલમાં વિજ્ઞાન પ્રદર્શન







ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતે સ્થિત જેએમપી ગોપાલક વિદ્યા સંકુલમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ રસપ્રદ એવા વિજ્ઞાનના પ્રયોગો, ચાર્ટ તથા મૉડેલ્સનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લઈ પોતાની કૃતિ વિશે અન્ય વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. વિદ્યાર્થીઓએ પણ રસપૂર્વક સમગ્ર પ્રદર્શન નિહાળી પોતાના જ્ઞાનમાં વૃધ્ધિ કરી હતી.

# કડી સર્વ વિશ્વવિદ્યાલયનો ૪૩મો સર્વ નેતૃત્વ શિબિર સંપન્ન





ગાંધીનગર, તા. ૩

સુખી થવા માટે ખુદની આંતરચેતના જગાડો, આંતરિક પરિવર્તન થકી બાહ્ય પરિવર્તન, પ્રત્તેક જીવમાં ઈશ્વરનો વાસ, પુરુષાર્થમાં પ્રીત રાખો અને પ્રારબ્ધમાં શ્રદ્ધા, બીજાના ભલામાં જ સૌનું ભલું છે, સર્વ ધર્મ સમભાવ, આપણે ક્યા જઈ રહ્યા છીએ અને કેમ જઈ રહ્યા છીએ તેની સ્પષ્ટતા, દુખ વહેચવાથી ઘટે છે અને સુખ આપવાથી વધે છે, તમે ખુદ તમારા ઘડવૈયા છો, ખુદનો ભરોસો નહિ જેને, ખુદાનો ભરોસો નકામ જેવા વિવિધ વિષયો પર કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા "સર્વ નેતૃત્વ" - ૪૩મી પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિર તાઃ૨૭થી ૩૧ ડીસેમ્બર, ૨૦૧૮ યોજાઈ, જેમાં વિવિધ ઉદાહરણો અને પ્રવૃતિઓ દ્વારા માસ્ટર ટ્રેનર દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયા ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમ સર્વ વિદ્યાલયની વિવિધ ૧૨ કોલેજના ૬૬ વિધાર્થીઓ અને ૯ શિક્ષકો જોડાયા હતા, જેમાં સર્વ નેતૃત્વના સંયોજક ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા સ્વાગત કરી ટીમનાં પરિચય માટે અનોખી રીતે આઈસ બ્રેકીંગ સેશનનું આયોજન કરાયું હતું. તાલીમની શરૂઆત ડો. કપિલ ત્રિવેદી દ્વારા યોગ, પ્રાણાયામ એન ધ્યાનનું મહત્વ સમજાવી વિવિધ આસનો શીખવાડવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના કેળવાય, દેશપ્રેમ વધે એ હેતુથી સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે અને નિષ્ઠાબેન ઠાકર કે જેઓને જીનેટિક પ્રોગ્રેસીવ ડીસ-ઓર્ડરની બીમારી હોવા છતા સમગ્ર ભારતમાં મસ્ક્યુલર ડીસ્ત્રોફીથી પીડિત માટે કામ કરે છે અને સાથે અમદાવાદના રીક્ષાવાળા તરીકે જાણીતા ઉદયભાઈ જાદવે પોતાના જીવન પ્રસંગો વર્ણવી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમના અંતે તમામ વિધાર્થીઓને કલોલ તાલુકાની હાજીપુર ખાતે આવેલ મંથન અપંગ કન્યા સંકુલની મુલાકાત કરાવી હતી અને સંસ્થાની શરૂઆત કેવી પરિસ્તિતિ અને મુશ્કેલીયોમાં થઈ હતી તેની અને તેમના દ્વારા દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિની માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન સર્વ નેતૃત્વના પૂર્વ તાલીમાર્થી યશદીપ રાઠોડ દ્વારા 'ઓ યાર પ્રોજેક્ટ પર ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં મુખ્ય મેહમાન તરીકે ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજયભાઈ થોરાતે હાજર રહી વિદ્યાર્થીઓને પોતાના જીવનના અનુભવો અને જીવન ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડી પ્રેરણા આપી હતી. પ્રોગ્રામના અંતે વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ પ્રમાણે ગ્રુપમાં સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ રજુ કરી, તે પ્રોજેક્ટ્સ નિયત સમયમાં પૂર્ણ કરવાનો નિર્ધાર કર્યો હતો. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક જિજ્ઞેશ પાઠક દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે પૂર્વ તાલીમાર્થી સૌરવ પટેલ, સુરજ મુંજાણી, કૌશિક કલાલ, મિત કોયાણી, ચિરાગ પટેલ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

## જેની જેવી ભાવના તેવું તેને થાય

જેની જેવી ભાવના તેવું તેને થાય, એ નિયમ મારે વિષે લાગુ પડતો મેં અનેક વેળા જોયો છે. લોકની એટલે ગરીબની સેવાની મારી પ્રબળ ઈચ્છાએ ગરીબોની સાથે મારું અનુસંધાન સદાય અનાયાસે કરી આપ્યું છે.



'નાતાલ ઈંડિયન કોંગ્રેસ'માં જો કે સંસ્થાઓમાં જન્મ પામેલા હિંદીઓએ પ્રવેશ કર્યો હતો, મહેતાવર્ગ દાખલ થયો હતો, છતાં તેમાં છેક મજૂર, ગિરમીટિયાવર્ગે પ્રવેશ નહોતો કર્યો. કોંગ્રેસ તેમની નહોતી થઈ. તેઓ તેમાં લવાજમ ભરી દાખલ થઈ તેને અપનાવી શકતા નહોતા. તેઓને કોંગ્રેસ પ્રત્યે ભાવ પેદા ત્યારે જ થાય જ્યારે કોંગ્રેસ તેમને સેવે. એવો પ્રસંગ એની મેળે આવ્યો, અને તે એવે વખતે કે જ્યારે હું પોતે અથવા તો કોંગ્રેસ ભાગ્યે જ તૈયાર હતાં. કેમ કે હજુ મને વકીલાત શરૂ કર્યાને બે ચાર માસ ભગ્યે જ થયા હતા. કોંગ્રેસની પણ બાળવય હતી. તેટલામાં એક દિવસ એક ફાટેલાં કપડાં પહેરેલો, ધ્રૂજતો, મોઢેથી લોહી ઝેરતો, જેના આગલા બે દાંત પડી ગયા હતા એવો, મદ્રાસી હિંદી ફેંટો હાથમાં રાખીને રોતો રોતો મારી સમક્ષ આવી ઊભો. તેને તેના માલિકે સખત માર માર્યો હતો. મારો મહેતો જે તામિલ જાણતો હતો તેની મારફત મેં તેની સ્થિતિ જાણી. બાલાસુંદરમ્ એક પ્રતિષ્ઠત ગોરાને ત્યાં મજૂરી કરતો હતો. માલિકને કંઈ ગુસ્સો ચડ્યો હશે, તે ભાન ભૂલ્યો ને તેણે બાલાસુંદરમ્ ને સારી પેઠે માર માર્યો. પરિણામે બાલાસુંદરમના બે દાંત તૂટી ગયા.

મેં તેને દાક્તરને ત્યાં મોકલ્યો. તે કાળે ગોરા દાક્તરો જ મળતા. ઈજા વિષેના પ્રમાણપત્રની મને ગરજ હતી. તે મેળવી હું બાલાસુંદરમને મેજિસ્ટ્રેટ પાસે લઈ ગયો. ત્યાં બાલાસુંદરમનું સોગનનામું રજૂ કર્યું. એ વાંચી મેજિસ્ટ્રેટ માલિક ઉપર ગુસ્સે થયો. તેના ઉપર તેણે સમન કાઢવાનો હુકમ કર્યો.

150 ગાંધીયાત્રા


મારી નેમ માલિકને સજા કરાવવાની નહોતી. મારે તો બાલાસુંદરમને તેની પાસેથી છોડાવવો હતો. હું ગિરમીટિયાને લગતો કાયદો તપાસી ગયો. સામાન્ય નોકર જો નોકરી છોડે તો શેઠ તેના ઉપર દીવાની દાવો માંડી શકે, તેને ફોજદારીમાં ન લઈ જઈ શકે. ગિરમિટ અને સામાન્ય નોકરીમાં ઘણો ભેદ હતો, પણ મુખ્ય ભેદ એ હતો કે ગિરમીટિયો શેઠને છોડે તો તે ફોજદારી ગુનો ગણાય ને તેને સારુ તેને કેદ ભોગવવી પડે. આથી જ સર વિલિયમ વિલ્સન હંટરે આ સ્થિતિને લગભગ ગુલામીના જેવી ગણી. ગુલામની જેમ ગિરમીટિયો શેઠની મિલકત ગણાય. બાલાસુંદરમને છોડાવવાના બે જ ઈલાજ હતાઃ કાં તો ગિરમીટિયાને અંગે નિમાયેલો અમલદાર, જે કાયદામાં તેમના રક્ષક તરીકે ઓળખાતો હતો, તે ગિરમીટ રદ કરે અથવા બીજાને નામે ચડાવી આપે, અથવા મલિક પોતે તેને છોડાવવા તૈયાર થાય. હું માલિકને મળ્યો. તેને કહ્યું, 'મારે તમને સજા નથી કરાવવી. આ માણસને સખત માર પડ્યો છે એ તો તમે જાણો જ છો. તમે તેનું ગિરમીટ બીજાને નામે ચડાવવામાં સંમત થાઓ તો મને સંતોષ છે.' માલિકને તો એ જ જોઈતું હતું. પછી હું રક્ષકને મળ્યો. તેણે પણ સંમત થવાનું કબૂલ કર્યું, પણ એ શરતે કે બાલાસુંદરમને સારુ નવો શેઠ મારે શોધી કાઢવો.

મારે નવો અંગ્રેજ માલિક શોધવાનો હતો. હિંદીઓને ગિરમીટિયા રાખવા નહોતા દેતા. હું હજુ થોડા જ અંગ્રેજોને ઓળખતો હતો. તેમાંન એકને મળ્યો. તેમણે મારા ઉપર મહેરબાની કરી બાલાસુંદરમને રાખવાનું સ્વીકાર્યું. મેં મહેરબાનીનો સ્વીકાર કર્યો. મૅજિસ્ટ્રેટે માલિકને ગુનેગાર ઠરાવી તેણે બાલસુંદરમની ગિરમીટ બીજાને નામે ચડાવી આપવા કબૂલ્યાની નોંધ કરી.

બાલાસુંદરમના કેસની વાત ગિરમીટિયામાં ચોમેર ફેલાઈ ને હું તેમનો બંધુ ઠર્યો. મને આ વાત ગમી. મારી ઑફિસે ગિરમીટિયાઓની સેર શરૂ થઈ ને તેમનાં સુખદુઃખ જાણવાની મને ભારે સગવડ મળી.

બાલાસુંદરમના કેસના ભણકારા છેક મદ્રાસ ઈલાકા સુધી સંભળાયા. એ ઈલાકાના જે જે પ્રદેશોમાંથી લોકો નાતાલની ગિરમીટમાં જતા તેમને ગિરમીટિયાઓએ જ આ કેસની જાણ કરી. કેસમાં એવું મહત્ત્વ નહોતું, પણ લોકોને નવાઈ લાગી કે તેમને સારુ જાહેર રીતે કામ કરનાર કોઈ નીકળી પડયું છે. આ વાતની તેમને હૂંફ મળી.

હું ઉપર જણાવી ગયો કે બાલાસુંદરમ પોતાનો ફેંટો ઉતારી તે પોતાના હાથમાં રાખી દાખલ થયો હતો. આ વાતમાં બહુ કરુણ રસ ભર્યો છે; તેમાં આપણી નામોશી ભરેલી છે. મારી પાઘડી ઉતારવાનો કિસ્સો તો આપણે જોઈ ગયા. ગિરમીટિયા તેમ જ બીજા અજાણ્યા હિંદી કોઈ પણ ગોરાને ત્યાં દાખલ થાય ત્યારે તેના માનાર્થે પાઘડી ઉતારે- પછી તે ટોપી હો કે બાંધેલી પાઘડી હો કે વીંટાળેલો ફેંટો. બે હાથે સલામ ભરે તે બસ ન થાય. બાલાસુંદરમે વિચાર્યું કે મારી આગળ પણ તેમ જ અવાય. મારી સામે બાલાસુંદરમનું આ દ્રશ્ય એ પહેલો અનુભવ હતો, હું શરમાયો. મેં બાલાસુંદરમને ફેંટો બાંધવા કહ્યું. બહુ સંકોચથી તેણે ફેંટો બાંધ્યો. પણ તેથી તેને થયેલી ખુશાલી હું વરતી શક્યો. બીજાને નામોશ કરી મનુષ્યો પોતે કેમ માન માની શકતાં હશે એ કોયડો હજુ લગી હું ઉકેલી નથી શક્યો.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર